# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-૦૧** **તા. ૦૪.૦૮.૨૦૧૭**

**કોંગ્રેસના ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીનો આજ નો ગુજરાત પ્રવાસ એ માત્રને માત્ર રાજકીય પ્રવાસ હતો. કુદરતી કહેર-અતિવૃષ્ટિથી પીડીત લોકોને મળવા આવેલા રાહુલ ગાંધી લોકોને જી.એસ.ટી., નોટ બંધી, રોજગાર જેવા પ્રશ્નો પુછે છે ! – શ્રી જીતુભાઈ વાઘાણી**

-------------

**સૌથી વધુ અસરગ્રસ્ત ધાનેરાના વેપારીઓને માત્ર દોઢ મીનીટનો સમય ફાળવી, માત્રને માત્ર હાથ મીલાવી ફોટોગ્રાફી કરાવનાર રાહુલ ગાંધી તેમની સંવેદનાવિહીન અભિવ્યક્તિના દર્શન કરાવે છે – શ્રી જીતુભાઈ વાઘાણી**

-------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દેશ અને વિદેશમાં જ્યાં પણ જાય છે ત્યાં ‘‘મોદી-મોદી’’ ના નારા લોકો સ્વયંભૂ જ લગાવતાં હોય છે**

-------------

**ભાજપાનો સંવેદનશીલ અભિગમ અસરગ્રસ્ત પ્રજાએ સ્વીકાર્યો છે જ્યારે, રાહુલ ગાંધીની મુલાકાત એ ફકત રાજકીય નૌટંકી સાબિત થઈ છે – શ્રી જીતુભાઈ વાઘાણી**

-------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીનો આજ નો ગુજરાત પ્રવાસ એ માત્રને માત્ર રાજકીય પ્રવાસ હતો. કુદરતી કહેર-અતિવૃષ્ટિથી પીડીત લોકોને મળવા આવેલા રાહુલ ગાંધી લોકોને જી.એસ.ટી., નોટ બંધી, રોજગાર જેવા પ્રશ્નો પુછે છે ! જે આવી કુદરતી આફતના સમયે નાટ્યાત્મક અને હાસ્યાસ્પદ છે. રાહુલ ગાંધી સૌથી વધુ અસરગ્રસ્ત એપીએમસી ધાનેરાના વેપારીઓને માત્ર દોઢ મીનીટનો સમય ફાળવી માત્રને માત્ર હાથ મીલાવી ફોટોગ્રાફી કરાવે છે. તે તેમની સંવેદનાવિહીન અભિવ્યક્તિના દર્શન કરાવે છે. શ્રી રાહુલ ગાંધી વિદેશમાં ઉછર્યા છે. તેમને ભારતીય સંસ્કૃતિનો કે સંવેદનાનો અહેસાસ નથી.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધીની આ સંવેદનાવિહીન રાજકીય યાત્રાને સફળ ગણાવે છે. જ્યારે ગુજરાતની પ્રજા સમક્ષ આ મુલાકાત ફકત રાજકીય નૌટંકી સાબિત થઈ છે. ગુજરાત સરકારે રાહુલ ગાંધીના પ્રવાસ માટે બુલેટપ્રુફ કારની વ્યવસ્થા કરી આપી હતી છતાં તેમણે પોતાની મુસાફરી પ્રાઈવેટ કારમાં કરી તે અંગે પ્રજાને શંકા ઉભી થાય તેમાં કોઇ બેમત નથી. ત્યારે, ગુજરાતની પ્રજાના મનમાં કોંગ્રેસનો આ પ્રોપોગેન્ડા ખુલ્લો પડી ગયો છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, લોકહૃદયસમ્રાટ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દેશ અને વિદેશમાં જ્યાં પણ જાય છે ત્યાં ‘‘મોદી-મોદી’’ ના નારા લોકો સ્વયંભૂ જ લગાવતાં હોય છે. આજે જ્યારે અસરગ્રસ્ત વિસ્તારની પ્રજા ગુજરાત સરકારની રાહત કામગીરીની અનુભૂતિ કરી રહી છે ત્યારે એક તરફ કોંગ્રેસના રાહુલ ગાંધી બાર-બાર દિવસો વીતી ગયા પછી ફકત પ્રજાને ઉશ્કેરણી કરવા રાજકીય હેતુ સાથે મુલાકાતે આવતાં હોય અને બીજી તરફ અસરગ્રસ્ત વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્યો બેંગલોરના ફાઇવસ્ટાર રિસોર્ટમાં જલસા કરતા હોય ત્યારે પ્રજામાં આજે બેવડો રોષ હોય તે સ્વાભાવિક છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અતિવૃષ્ટિના બીજા જ દિવસે ગુજરાતમાં આવી સર્વે કરે છે અને બનતી તમામ સહાયની બાંહેધારી આપે છે અને તુરંત જ ૫૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કરે છે. ભાજપાના ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સતત પાંચ દિવસ સુધી અસરગ્રસ્ત વિસ્તારમાં રોકાઇને કેમ્પ કરીને રાહત સામગ્રીની વહેંચણી કરે છે, લોકોને પડેલ તકલીફની વિગતો લે છે, રાહત કામગીરીની સમિક્ષા કરે છે, અને બધી જ વિગતો એકઠી કર્યા પછી તુરંત ૧૫૦૦ કરોડ રૂપિયાની રાહતનું પેકેજ જાહેર કરે છે. ભાજપાનો આ સંવેદનશીલ અભિગમ અસરગ્રસ્ત પ્રજાએ સ્વીકાર્યો છે જ્યારે, રાહુલ ગાંધીની મુલાકાતમાં પ્રજાની અપેક્ષા ઠગારી નિવડી છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, સંવેદના નથી તો કાંઇ નહી પણ તેમની સાથે મેડીકલ કીટ, રેશન કીટ, કે કોઇ અન્ય રાહત સામગ્રી શ્રી રાહુલ ગાંધી લાવ્યા હોત તો પણ સારૂ હતુ, અને બેંગ્લોરમાં તેમની જ પાર્ટી દ્વારા તેમના જ બંધક બનાવાયેલા બનાસકાંઠાના ધારાસભ્યોને પણ સાથે લાવ્યા હોત તો સ્થાનિક પ્રજાને વધુ સારું લાગ્યું હોત. માત્રને માત્ર રાજકીય લાભ ખાટવા પોલીટીકલ ટુરીઝમ ન કરવું જોઇએ. ગુજરાતની શાણી-સમજુ પ્રજા આ બધો જ ઘટનાક્રમ જોઇ રહી છે ત્યારે ગુજરાતની પ્રજા કોંગ્રેસના આ સંવેદનાવિહીન અભિગમ માટે ક્યારેય માફ નહી કરે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**મીડીયા વિભાગ**

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-૦૨** **તા. ૦૪.૦૮.૨૦૧૭**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દ્રઢ ઇચ્છાશક્તિ અને ગુજરાતની સવા છ કરોડ જનતાની મનોકામનાને લીધે નર્મદા યોજના પૂર્ણ થઇ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ગુજરાતનો પ્રાણવાયુ અને જીવાદોરી સમાન નર્મદા ડેમ યોજના હજુ પણ કોંગ્રેસને આંખના કણાની જેમ ખૂંચી રહી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કોંગ્રેસના જ્યોતિરાદિત્ય સીંધીયા અને દિગ્વિજય સિંહે સંસદમાં નર્મદા યોજનાનો વિરોધ કરી ફરીથી તેની ગુજરાત વિરોધી માનસિકતા છતી કરી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની દ્રઢ ઇચ્છાશક્તિ અને ગુજરાતની સવા છ કરોડ જનતાની મનોકામનાને લીધે આજે પૂર્ણ થઇ છે. ભૂતકાળની કોંગ્રેસ સરકાર વર્ષો સુધી નર્મદા યોજનાની ઉંચાઇ, કેનાલો, ડેમના દરવાજા અને વિસ્થાપિતોના મુદ્દે સતત આડખીલીઓ ઉભી કરીને નર્મદાને રોકવાનું પાપ કરતી રહી હતી. કેન્દ્રની કોંગ્રેસ સરકારે દસ વર્ષના શાસનમાં સાત-સાત વર્ષ સુધી નર્મદા ડેમના દરવાજાની ઉંચાઇ વધારવાની પરવાનગી રોકી રાખી રાજ્યના ખેડુતો અને પ્રજાનું અહિત કર્યું હતુ. જ્યારે, શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વડાપ્રધાન બન્યાના માત્ર સત્તર જ દિવસમાં નમર્દા ડેમના દરવાજાની ઉંચાઇ વધારવાની મંજુરી આપીને ગુજરાતની જનતા અને ખેડુતોને એક ઐતિહાસિક ભેટ આપી હતી. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેને તુરંત જ દરવાજાનું કાર્ય શરૂ કરાવ્યું અને વર્તમાન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ યુધ્ધના ધોરણે તે કાર્યને પૂર્ણ કરાવી, નર્મદા ડેમના દરવાજા બંધ કરી ગુજરાતના વિકાસનો માર્ગ ખોલ્યો છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, નર્મદા યોજનાનો શરૂઆતથી જ વિરોધ કરનાર કોંગ્રેસને ગુજરાતનો પ્રાણવાયુ અને જીવાદોરી સમાન નર્મદા ડેમ યોજના હજુ પણ આંખના કણાની જેમ ખૂંચી રહી છે. કોંગ્રેસના જ્યોતિરાદિત્ય સીંધીયા અને દિગ્વીજય સિંહે તાજેતરમાં જ સંસદમાં નર્મદા યોજનાનો વિરોધ કરી ફરી તેની ગુજરાત વિરોધી માનસિકતા છતી કરી છે. તમામ રાજ્યોએ કોર્ટની ગાઇડ લાઇન મુજબ જ વિસ્થાપિતોના પુર્નવસન માટે કાર્ય કર્યું છે. જ્યોતિરાદિત્ય ૪૦ હજાર જેટલા વિસ્થાપિતોની વાત કરે છે જ્યારે, તેમના જ પક્ષના દિગ્વીજય સિંહ ૧૪ હજાર વિસ્થાપિતોની વાત કરે છે અને ગુજરાત કોંગ્રેસના નેતાઓ હજુ પણ વિસ્થાપિતોને મળીને ઉશ્કેરવાના પ્રયત્નો કરે છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે નર્મદા યોજનાને સફળ ન થવા દેવા માટે કોંગ્રેસ આજે પણ યેનકેન પ્રકારે નિષ્ફળ પ્રયત્નો કરી રહી છે. કોંગ્રેસ પણ વિકાસ વિરોધી અને ગુજરાત વિરોધી મેઘા પાટકરની ભાષા બોલી રહી છે. નર્મદા યોજના પૂર્ણ થઈ પરંતુ કોંગ્રેસની ગુજરાત વિરોધી અને વિકાસ વિરોધી માનસિકતા હજુ દૂર થતી નથી.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, ગુજરાતના પ્રાણવાયુ અને જીવાદોરી સમાન નર્મદા યોજના આડે રોડા નાંખનારી કોંગ્રેસને ગુજરાતની જનતા કદી માફ નહી કરે.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**મીડીયા વિભાગ**

**બિડાણ : ૧. તા. ૦૩/૦૮/૨૧૭ના રોજ લોક સભામાં માન. જ્યોતિરાદિત્ય. માધવરાવ સિંધ્યાએ સરદાર સરોવર બંધ (નર્મદા યોજના) અંગે આપેલ વક્તવ્ય.**
**૨. ગ્રામિણ વિકાસ મંત્રી, પંચાયતીરાજ મંત્રી, પાણી પુરવઠા અને સ્વચ્છતા મંત્રી, તથા ગૃહ અને શહેરી કાર્ય મંત્રીનો જવાબ**
**૩. રાજ્ય સભામાં તા. ૨૪.૦૭.૨૦૧૭ના રોજ થયેલ સરદાર સરોવર બંધ (નર્મદા યોજના)અંગે થયેલ ચર્ચા**